| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૧/૧૨/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૪૧૫ લીટર દેશી દારૂ, ૧૫૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપિંડી - સમાચાર યાદી નં.૧૯૩૮/૨૦૨૩

**મણીનગરઃ** રેણુકાબહેન વા/ઓ સીરીષભાઈ દવે (ઉ.વ.૭૮)(રહે.રામલાલનગર, પુષ્પકુંજ કાંકરીયા મણીનગર) એ તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રેણુકાબહેનના જોઇન્ટ ખાતામા તેમના પતિનો મેડીક્લેમનો ચેક બેંકમા જમા કરેલ હતો જે ક્લિયર થયો કે નહી તે જાણવા માટે ગુગલ ઉપરથી બેંકનો ફોન નંબર સર્ચ કરી તા.૩૧/૦૫/૨૦૨૩ નારોજ વાતચીત કરતા, અજાણ્યા પુરૂષે પ્રોસેસ કરવાનુ કહી રેણુકાબહેનના ફોનમાં ANY DESK તથા કસ્ટમર સપોર્ટ નામની એપ્લીકેશન ઈન્સ્ટોલ કરાવી, રેણુકાબહેનના યુનિયન બેંક ખાતામાંથી રૂપિયા ૩૦૦૦/- તથા યુનિયન બેન્કના બીજા ખાતામાંથી રૂપિયા ૯૭,૯૦૦/- ઓનલાઇન ટ્રાન્ઝેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૯/૨૦૨૩**

**એરપોર્ટઃ** રેખાબહેન વા/ઓ કમલેશભાઇ સોની (રહે.જય ઝુલેલાલ ગલી આંબાવાડી સરદારનગર) એ તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૩ કલાક ૧/૩૦ થી કલાક ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, લેડીઝ ઘડિયાળ નંગ-૨ કિમત રૂપિયા ૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ટી.સી.ગોસાઇ ચલાવે છે.

**મંદિરમાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૦/૨૦૨૩**

**એરપોર્ટઃ** મુકેશભાઇ કિશનભાઇ ત્રિવેદી (ઉ.વ.૬૩)(રહે.સુદર્શન ફ્લેટ કિશન કિરાણા સામે ગલીમા સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૩૦/૧૧/૨૦૨૩ સવારના ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન હાંસોલ ગામ રોડ સરદારનગર ખાતે આવેલ મહાકાળી માતાનું મંદીર તેમજ રામદેવપીર ભગવાનના મંદીરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરી, કપડા તથા ચાંદીની વસ્તુઓ તેમજ દાનપેટીમાંથી રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪૭,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૧/૨૦૨૩**

**નારોલઃ** મનોજભાઇ સ/ઓ હરીશભાઇ વર્મા)(રહે.સારથી ટેનામેન્ટ સંતોષ પાન પાર્લર સામે નવરંગ સોસાયટીની બાજુમા પાર્થેશ્વર મહાદેવના મંદીરના ખાંચામા નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મનોજભાઇ વર્માની માતા સરોજબહેન (ઉ.વ.૭૦) પોતાના ઘર નજીક રીક્ષામાંથી ઉતરતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સરોજબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૮,૫૨૭/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યું:-** **સમાચાર યાદી નં.૧૯૪૨/૨૦૨૩**

**"એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સુરેન્દ્ર રામપ્રસન્ન પાન્ડે (ઉ.વ.૪૮) (રહે. આર બ્લોક સત્યેશ રેસીડન્સી સફર હોટલ પાસે શાંતિપુરા સરખેજ) તા.૩૦/૧૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે શાંતિપુરાથી શીલજ સર્કલ તરફ જતા વકિલ સાહેબ બ્રીજના ઉત્તર છેડે ઇસ્કોન પ્લેટીનમ સામેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એસ.પ્રેસો કાર નંબર જીજે ૦૧ ડબલ્યુએ ૧૦૮૯ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા સુરેન્દ્ર પાન્ડે ને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સુરેન્દ્ર પાન્ડેના ભત્રીજા સુનીલકુમાર ચંન્દ્રશેખર પાન્ડે એ "એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૩/૨૦૨૩**

**સરખેજઃ** દિલાવર સ/ઓ અબ્દુલ ઇસાભાઇ સોલંકી (ઉ.વ.૩૧)(રહે.અજમેરી વાડી મકરબા) તા.૩૦/૧૧/૨૦૨૩ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે સરખેજ રોજા મસ્જીદના ઝરુખા ખાતે મોબાઇલમાં ફોટા પાડતા હતા ત્યારે પગ લપસી જતા પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૪/૨૦૨૩**

**નરોડાઃ** ધૃવકુમાર સંજયભાઈ સુથાર (ઉ.વ.૧૯)(રહે.વૃંદાવન બગલોઝ પંચતીર્થ સોસાયટીની બાજુમા નરોડા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૩ સવારના ૯/૩૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના ભાગે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિહ દલજીતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી